યાદ આવે છે...

સારાદાદા
અને એમના આદેશને વશ થઈ
ધર્મજમાં ગાળેલા બળબળતા ઉનાળા
સાંકડા અંધારા ઠંડા ઓરડા
ઝીણી ઝીણી કોતરણીવાળાં કમાડ
રાજવંશી ઠાઠના ઝરૂખા
ઘરની કૂઈ
અસ્પશ્ય પાણિયારું
સાથે પડતી પાંત્રીસ જણની પંગત
વિધિનિષેધનું અડાબીડ જંગલ
ત્રીજા માળના કાતરિયામાં
ભરબપોરે ચળાતાં સૂરજનાં ચાંદરણાં
છાનીછૂપી રમતો
વાંદરાં ઓળંગે નહીં એવા વડ
મોર પોપટ ઘો ને વણિયેર
તળાવ મંદિર કૂવા
તમાકુનાં ખેતર પર ખેતર
બાવળની તીખી શૂળ
અને સર્વવ્યાપી સર્વોપરી
ઝીણી ઝીણી સોનેરી ધૂળ!

ધર્મજની એ ધૂળથી રજોટાયેલાં
તે સૌ મારાં સ્વજન
એમને આ અર્પણ...

"રામાકાકા! ખરેખર મારો એકે કાગળ નથી?"

"ના બેન."

"જરા બરાબર જુઓ ને!"

"શું બેન તમે પણ? કાગળ હોય તો મારે કંઈ રાખી મૂકવાનો છે? વળી પાછો આ પાંચ માઇલનો ધક્કો ખાવાનો મને કંઈ શોખ થાય છે? જે છે તે આ બધી કાકાના નામની ટપાલ છે."

"હં."

"જાઉં ત્યારે?"

"કેમ, પાણી નથી પીવું?"

"પીવું તો હતું પણ મને એમ કે – આજે નહીં પાઓ. તમારી ટપાલ નથી લાવ્યો ને, એટલે!"

"અરે, હોતું હશે કંઈ? કોઈ કાગળ ના લખે એમાં તમારો શો વાંક? બે મિનિટ બેસજો, રામાકાકા!"

ટપાલી હાશ કરીને ઓટલે બેઠો. હજુ કંઈ એ ઘરડો નહોતો થઈ ગયો પણ આધેડ વયે ચાલવા કરતાં બેસવું વધારે સારું લાગે છે. આમ તો આ ઘરમાં દસેક મિનિટ આડીઅવળી વાતચીત કર્યા પછી જ નીકળવાનો ધારો હતો પણ આજે વેણુ નિરાશ થઈ હતી એટલે કોને ખબર, કંઈ વાતનો મેળ નાયે પડે.

જરા વાર પછી એક હાથમાં લોટોપ્યાલો અને બીજા હાથમાં નાની તાસક લઈને વેણુ પાછી આવી.

"આ શું?"

"હજુ ટાઢ છે ને, એટલે કાલે થોડી તલસાંકળી બનાવી'તી. બીતા નહીં, પોચી છે."

"તો ઠીક. નહીંતર દાંતના ડાકટરો બહુ ચગ્યા છે. મોઢું ખોલાવ્યાના જ પચ્ચી પડાવી લે છે."

"એમનેય ઘરબાર હોય ને!"

"હોય... પણ આપણાં ઘર વેચી નંખાવવાનાં કંઈ, એમનાં ચલાવવા માટે?"

"એટલી બધી ચિંતા ના કરો, રામાકાકા! મેં કહ્યું ને, તલસાંકળી પોચી છે. તમારા દાંતને કંઈ નહીં થાય."

"પહેલાં પાણી પી લઉં. તલ ઉપર પાણી ના પિવાય."

"બિચારા પાણીને બહુ મુસીબત! તલ ઉપર ના પિવાય, કેળાં ઉપર ના પિવાય, બહારથી આવીને તરત ના પિવાય ને ભૂખે પેટેય ના પિવાય. કેટલા બધા કાયદા? હું જો પાણી હોઉં તો મને તો ખોટું લાગે."

રામો ટપાલી આંખ ફાડીને જોઈ રહ્યો. આખી જિંદગી નીકળી જાય તોયે આવો વિચાર કદી એના ભેજામાં ના આવે. 'હું પાણી હોઉં તો...' અરે, આવું તો કોઈએ ક્યારેય સાંભળ્યું નહીં હોય પણ આ વેણુની બધી વાત જ વિચિત્ર.

"લે, તમે ક્યાંથી પાણી હોવાનાં હતાં વેણુબેન? તમે તો વેણુબેન જ છો."

રામાકાકાનો મૂંઝાયેલો ચહેરો જોઈને વેણુ હસી પડી. એના દાંત પણ એવા સરસ હતા... નાના નાના, એકસરખા, સફેદ અને ચમકતા. દાંતના ડાક્ટર ગમે એટલી ફી વધારે ને, એને કશી સાડાબારી નહીં. જરા અદેખાઈથી વિચારીને રામાકાકાએ લોટો નીચે મૂક્યો અને કહ્યું, "લો, જાઉં ત્યારે!"

"જાઓ છો ક્યાં? આ તલસાંકળી તો ખાતા જાઓ!"

"એ તો રસ્તે ચગળતો ચાલ્યો જઈશ."

"આ એક તો અહીં જ ખાવી પડશે. કેવી થઈ છે તે તો જાણું ને!"

"સારી જ હશે. તલ ને ગોળ બે ભેગાં થાય એટલે રીજલ્ટ સારું જ આવવાનું."

"તમેય ઇંગ્લિશ બોલતા થઈ ગયા હોં કાકા!!"

"ના ભઈ, આપણને ન આવડે."

"આ બોલ્યા તો ખરા. રિઝલ્ટ નહીં ને રીજલ્ટ, બોલ્યા તો ખરા ને!"

"તે એ તો દર સાલ બધાં છોકરાંઓનું આવે છે... મારીને માથું ખાઈ જાય છે – રામાકાકા! રીજલ્ટ આવ્યું? રીજલ્ટ આવ્યું? આપણે તો નિશાળમાં માસ્તરને માથે ઝીંકી આવીએ. તે વેણુબેન એ રીજલ્ટ ઇંગ્લિશ કે'વાય?!"

"હાસ્તો ને! ગુજરાતીમાં પરિણામ કહેવાય."

"પરિણામ? એ વળી વધારે અઘરું. આજે જ સાંભળ્યું. લો ત્યારે બેસો બેન. ને તલસાંકળી બહુ બેસ્ટ થઈ છે હોં, કોઈ કહે નહીં કે તમે બનાવી હશે."

"એટલે? મને બનાવતાં નથી આવડતું, એમ?"

"મેં એવું ક્યાં કહ્યું?"

"એવું જ કહ્યું! જાઓ હવે તમને કંઈ નહીં ચખાડું. અને હા– આ હમણાં બેસ્ટ બોલ્યા ને, એ પણ ઇંગ્લિશ જ કહેવાય."

"એમ? તો હવે એવું નહીં બોલું. ફસક્લાસ થઈ છે એમ કહીશ."

એ પણ ઈંગ્લિશ, એમ કહીને રામાકાકાને વધારે મૂંઝવવાનો વેણુનો ઈરાદો હતો પણ એટલામાં અંદરથી "વેણુ...ઓ વેણુ!" એવો સાદ સંભળાયો એટલે એ બોલી, "હું તો અમથી તમને ચીડવું છું રામાકાકા, તમેતમારે જે બોલવું હોય એ બોલજો. અને કાલે જો મારો કાગળ લીધા વિના આવ્યા છો ને, તો તલસાંકળી નહીં મળે!"

"આવ્યો હશે તો તો લાવીશ જ ને!"

"ના આવ્યો હોય તોયે લાવજો." કહીને એ હસતી હસતી અંદર ચાલી ગઈ.

અંદર થોડું અંધારું હતું. ઊંચી ઊંચી દીવાલો એ લાંબાપહોળા ઓરડાને હતો તેનાથીયે વિશાળ બનાવી દેતી હતી. દીવાલોનો રંગ ઝાંખો પડી ગયો હતો અને નીચે પાથરેલા મોટા ગાલીચામાં બેત્રણ મોટાં બાકોરાં હતાં. પહેલાંના જમાનાના કોતરણીવાળા મોટામોટા કોચ અને સિંહાસન જેવી ખુરસીઓ કોઈની ઉદાસભાવે રાહ જોતાં હતાં. તેમની ઉપર જડેલું મોંઘું કિનખાબ જેવું કપડું ઠેકઠેકાણેથી જરી ગયું હતું અને માથા આગળનો ભાગ ઘસાઈ ઘસાઈને સુંવાળો થઈ ગયો હતો એટલે એની તરાહ પણ દેખાતી નહોતી.

એ ઓરડામાં પગ મૂકતાંની સાથે વેણુનું રૂપ બદલાઈ ગયું. બહારની હસતીરમતી રામાકાકાને ચીડવતી વેણુ કોને ખબર ક્યાં ચાલી ગઈ. તેની જગ્યાએ દેખાઈ એક ચિંતાતુર, શિથિલ પગલે ચાલતી અતિશય સુંદર પણ પોતાની સુંદરતાના બોધ વિનાની યુવતી. ક્યાંયે કશી ખોડ કાઢી શકાય નહીં એવું તેનું રૂપ હતું. આ એક આછી ગ્લાનિનું આવરણ જો હટાવી લેવામાં આવે તો આ રૂપની દ્યુતિ ચોમેર ઝળહળી ઊઠે. જેમજેમ તે આગળ વધતી ગઈ તેમતેમ તેનાં પગલાં વધારે મંદ ગતિએ પડવા લાગ્યાં.

વળી અવાજ આવ્યો. ધ્રુજારીવાળો, તીણો, નબળો... "વેણુ! ઓ વેણુ!!"

"આવું છું." કહી તેણે વળી પાછો એક બીજો નકાબ પહેરી લીધો. ઝડપથી ચાલીને તે આ મોટા ઓરડાની બાજુમાં આવેલી નાની ઓરડીમાં ગઈ અને આરામખુરસીમાં સૂતેલી વૃદ્ધાને કહેવા લાગી, "પાંચ મિનિટ રાહ જોવી પડશે, કાકી! હમણાં તમારા મમરા વઘારી લાવું છું."

"એકસામટા વઘારીને ડબામાં ભરી રાખતી હોય તો?"

"તાજાતાજામાં વધારે મજા આવે."

"પણ એકલા જીવને કેટલી ઉપાધિ?!"

"ઉપાધિ શેની? અને હું એકલી ક્યાં છું? તમે તો મને કેટલી મદદ કરાવો છો!"

"હા... ખબર છે, બધી ખબર છે કેટલી મદદ કરાવું છું તેની. સાંભળ, આજે મારે મમરા નથી ખાવા."

"કેમ?"

"ભૂખ નથી."

"તબિયત સારી હોય તો ભૂખ કેમ ન લાગે? સાચું બોલો, શું થયું છે? તાવબાવ તો નથી આવ્યો ને?" બોલતાં બોલતાં તેણે કાકીનો હાથ પકડ્યો અને રાજી થઈને કહ્યું, "ના, નથી. તમે એક કામ કરો. બહાર આવીને થોડી વાર ચોકમાં બેસો. સારું લાગશે."

"સારું તો હવે લાગી રહ્યું આ જન્મારામાં. અહીં પડી રહેવા દે ને! વળી પાછા પેલા જોશે તો આવીને વાતે વળગશે."

"એ તો વધારે સારું."

"શું સારું? એની એ વાતો. કંઈકેટલી વાર સાંભળી છે. હજુ ક્યાં લગી સાંભળ્યા કરવાનું? પાછી દર વખતે હાજી હા જ કર્યા કરવી પડે. મને તો હવે થાક લાગે છે."

"ના લાગે. ચાલો, ચા કરી લાવું. આપણે ત્રણે જણ ચોકમાં સાથે બેસીને પીએ."

"મારો તો અડધો જ પ્યાલો ગણજે."

"વારુ. ટેકો કરું?"

"ના ના, તું જા, હું આવું છું મારી મેળે. એમ તો ચલાય છે હજુ."

કાકી ઊભાં થયાં ત્યાં લગી સચિંત નજરે વેણુએ જોયા કર્યું. હાથ પકડવાનું મન હતું છતાં ન પકડ્યો. એમનો આત્મવિશ્વાસ જેટલો બચ્યો હોય એટલો ટકી રહેવો જોઈએ. ભીંતને ટેકે ટેકે કાકીએ ચારપાંચ ડગલાં માંડ્યાં એટલે એણે ધીરેથી પૂછ્યું, "લાકડી લાવું?"

"બૈરાંથી લાકડી ના લેવાય."

"શા માટે? ચલાતું ના હોય તો કેમ ના લેવાય?"

"ના લેવાય એટલે ના લેવાય. એમાં કારણ શું? તે છતાં તારું મન ના માનતું હોય તો તું ઘરડી થા ત્યારે લાકડી લઈને ફરજે, બસ?"

કાકીએ સહેજ ચીડમાં કહેલી વાતથી વેણુને હસવાનું મન થયું પણ તે હસી નહીં. પોતે ઘરડી થાય અને લાકડીને ટેકે ચાલે ત્યારે કેવી લાગે એ કલ્પનાથી મનમાં આશ્ચર્યની, આનંદની એક આછી લહર દોડી ગઈ. તે સાથે જ વિચાર આવ્યો : "કોને ખબર, ઘરડી થઈશ કે નહીં? ફટાફટ ઊપડી જવાનુંયે બને! તોયે કંઈ વાંધો નહીં. ભાઈઓ બહુ રડવાના નથી. ભાભી તો કદાચ જરાયે નહીં... ના, ના, આવા હલકા વિચારો ન કરવા જોઈએ. ખરેખર તો એ બધાં જ બહુ પ્રેમાળ અને સારાં છે. એમને એમનું કામ હોય એટલે આખો વખત અહીં ન આવી શકે. એમાં શું થઈ ગયું? અને એકલાં એ લોકો જ છે કંઈ? બીજાય તે–

"વેણુ! ચા નથી કરવી?"

"એ હા!" કરતીકને વેણુ દોડી. એના સુંદર દેહની સ્થિરતામાં જે લાલિત્ય હતું તે વળી એના હલનચલનમાં અનેકગણું પ્રગટ થતું હતું. અને મજાની વાત એ હતી કે વેણુને પોતાને

એ વાતની કશી ખબર નહોતી. એનું નાનકડું મગજ કંઈકેટલાયે પ્રશ્નોના જવાબ દિનરાત શોધતું રહેતું હતું અને એમાંથી ઘડીભર પરવારે ત્યારે જીવન એને અદમ્ય આકર્ષણનાં આમંત્રણ પાઠવતું. ઇનકાર કરવાની એની શક્તિ જ નહોતી. ઇચ્છાયે નહોતી. એટલે એ હંમેશાં હસતી રહેતી, કંઈ ને કંઈ કરતી રહેતી. પોતાના પ્રેમાળ હૃદયની સમૃદ્ધિ જે કોઈ સામું મળે એના પર ખોબેખોબે ઠાલવતી રહેતી.

ચાનું પાણી ઊકળવા માંડ્યું ને મસાલાનો ડબો ખાલી જોયો એટલે એ દોડીને બહાર ઊગેલી લીંબુડીનાં બેત્રણ પાનાં તોડી લાવી અને ધોઈને પાણીમાં નાખ્યાં. જરા વારમાં વાતાવરણમાં એક અનોખી સુગંધ ફેલાઈ ગઈ.

ચાના ત્રણ પ્યાલા ટ્રેમાં ગોઠવીને એ ચોકમાં લઈ ગઈ ત્યાં સુધીમાં કાકા પણ આવી ગયા હતા અને કાકીની સાથે પાટ પર બેઠા હતા. વેણુ સામે આશાથી જોઈને એમણે પૂછ્યું, “બિસ્કિટ નથી, નહીં?”

“મંગાવવાનાં રહી ગયાં. મમરા વઘાર્યા છે. ચાલશે?”

કાકાએ માથું હલાવીને હા પાડી. વેણુએ ડબામાંથી મમરા કાઢીને બન્ને જણને વાડકીમાં આપ્યા. વાડકીમાં વધારે ફાવતું હતું. મમરા દડી જતા નહોતા.

“તું ખા ને!”

“ના હમણાં નહીં.” કહી વેણુ ચા પીવા લાગી. “સાંજે શું કરાવીશું? થેપલાં ને શાક કે ખીચડી કઢી?”

“જે કરાવે તે. તારી ગોદાવરીને બીજું આવડે છે પણ શું? અમારા નરભેશંકર મહારાજને તો તેં જોયો નથી. અડધી રાતે બાપુજી ઉઠાડે તોયે હસતે મોઢે હાજર. ચપટી વગાડતાંમાં જેનું નામ દો તે વસ્તુ હાજર. અને તેય પાછી જેવી તેવી નહીં – એક વાર મોંમાં મૂકો તો જિંદગીભર એનો સ્વાદ ભુલાય નહીં. કેમ, તને યાદ નથી? વિપુલની પાંચમી વરસગાંઠ ઊજવી’તી ત્યારે પચાસ જણને જમવા તેડ્યા’તા બાપુજીએ. બધાને ગરમાગરમ જલેબી ખવડાવી હતી નરભેશંકરે! એ ઘીની ફોરમ તો હવે સપનાંમાં – અને કેસર? આહાહા, સ્પેઈનનું કેસર! તાંતણા ગણી ગણીને વાપરવાનું નહીં, હં કે વેણુ – બરાબર રંગ ચડે ને સુગંધ મઘમઘાટ આવે ત્યારે બાપુજી ખુશ થાય... તું બોલતી કેમ નથી! તને યાદ નથી એ જલેબી?”

“છે ને!” કાકીએ ચા પીતાં પીતાં કહ્યું.

“તો પછી બોલતી કેમ નથી? મોંમાં મૂકો ને ઓગળી જાય. કેવી રસદાર! આમ કડક ને આમ પાછી પોચી. સાથે તાજીતાજી પૂરીઓ, ઊંધિયું, કઢી ને ભાત. જાણ્યામાં કંઈ બીજી પણ બેત્રણ ચીજો હતી... યાદ કરાવ ને! નરભેશંકર એટલે નરભેશંકર! એકલે હાથે જરા વારમાં પચાસ માણસને જમાડી દે.”

“એકલે હાથે શાનો? બબ્બે તો નાના મા’રાજ રાખતા’તા બાપુજી. અને શાક સમારવા,

દળવા કચરવા બાઈઓ તો જુદી. પછી નરભેશંકરને તો મસાલા નાખવા સિવાય બીજું કરવાનું જ શું રહેતું'તું?"

"તું નહીં સમજે. એ તો કારીગર માણસ હતો. તને ખબર છે, બાપુજી જાત્રાએ ગયેલા ત્યારે–"

"બધી ખબર છે. એનાં માબાપ કૉલેરામાં મરી ગયાં અને નરભેશંકર છસાત વરસનો એકલો રડ્યા કરતો હતો તે કાશીના ગોરે બાપુજીને હાથ જોડીને ભળાવ્યો હતો ને બાપુજી અહીં લઈ આવ્યા એ જ ને?"

"તને તો કશી સમજ જ નથી. ચાલ, હું તને માંડીને બધી વાત કહું. એમાં એવું થયેલું કે–"

"મમરા ખાઈ લો, હવાઈ જશે તો પાછા ચવાશે નહીં."

"કંઈ વાંધો નહીં. વેણુ પાછા ગરમ કરી આપશે."

"વેણુને બીજો કામધંધો નથી? ખાઈ લો છાનામાના."

"પણ મારી વાત તો સાંભળ..."

"હે ભગવાન!" કાકી મોટો નિસાસો નાખીને કંટાળાથી બોલ્યાં : "તમે કહ્યા વગર રહેવાના જ નથી તો પછી ચાલો, કહેવા માંડો."

પણ કાકાને અસર થઈ નહીં. એમણે તો આનંદથી કહેવા માંડ્યું : "એક વાર એવું થયું કે બાપુજીને જમીનના સોદામાં અણધાર્યો બહુ મોટો ફાયદો થયો. એટલે આપણો ગોર કહે કે જાત્રા કરી આવો. એ કઈ જમીન હતી, જાણે છે?..."

કાકી જાણતાં હતાં અને અનેક વાર સાંભળી ચૂકી હોવાને લીધે વેણુ પણ જાણતી હતી, પરંતુ બન્નેને ખબર હતી કે કાકા હવે વાત કર્યા વગર રહેવાના નથી એટલે બેય જણે મૂંગાંમૂંગાં વાત સાંભળવા માંડી.

વેણુના કાન પર કાકાની વાત અથડાયા કરતી હતી પણ એનું મન જુદા જ વિચારે ચડ્યું હતું. પરમ દિવસે ઝરૂખાની બેઠકનાં બે લાકડાં તૂટી ન પડ્યાં હોત તોયે તે મકાનને સમારકામ તો કરાવવું જરૂરી હતું જ... વિપુલ આળસુ છે. જવાબ ન લખે પણ આવીને ઊભો રહે કદાચ, ...કદાચ ન આવે એવું પણ બને. મયંક અને શીલાભાભી એને કહે તો તો એને આવવું જ પડે. પણ એ લોકો કહેશે ખરાં? ગિરધરભાઈ લંડનથી આવી ગયા હોય તો સારું. એ સૌથી મોટા છે. એમનું કહ્યું બધા કરે. મકાનને સમુંનમું કરાવ્યા વગર હવે છૂટકો નથી. કોક દહાડો કંઈ તૂટી પડે તો ગમે તેને વાગી બેસે. આ ઘરડાં માણસોને તો બરાબર સંભળાય પણ નહીં. ઝટપટ ઊઠીને બહાર નીકળી પણ ન શકે.

જરાક મોટો ઘાંટો પાડીને એ બોલી : "તમે બહુ જિદ્દી છો. એ હીંચકાવાળા રૂમમાં જ સૂવું જોઈએ એવું કંઈ છે? તમે લોકો મારી બાજુના રૂમમાં સૂઈ જાઓ આજથી."

કાકા બોલતાં બોલતાં અટકી ગયા અને નાના બાળકને કોઈ વઢે ત્યારે જેવી લાચારીથી જુએ તેવી રીતે જોઈને બોલ્યા : "પણ અમે તો ત્યાં જ સૂઈએ છીએ, આજ વર્ષોથી."

"તેથી શું થઈ ગયું? હવે એ રૂમમાં કોઈએ નથી સૂવાનું."

"પણ કેમ?"

"કેમ કે કોક દહાડો છતમાંથી કંઈ પડશે તો? એ બાજુથી તો મકાન સાવ બિસ્માર થઈ ગયું છે."

"તો ચાલ ને, રીપેર કરાવી લઈએ! છોકરાઓ ના આવે તો કંઈ નહીં. હું છું ને, હું બધું ધ્યાન રાખીશ. પ્રેમજી કડિયાને બોલાવી લઈએ. એના જેવું કામ કોઈનું નહીં."

"શું તમે પણ! પ્રેમજીને તો ગુજરી ગયે સાત વરસ થયાં." કાકી ચીડાયાં. એ જાણતાં હતાં કે ખરી મુસીબત કડિયો શોધવાની નહીં પણ બિલ ચૂકવવાની હતી.

"બેટા વેણુ! આજે ટપાલ આવી?"

"ટપાલમાં તો કાકાના નામનું વીજળીનું બિલ અને નિશાળના મેળાવડાનું આમંત્રણ. પેલા લોકોનો કંઈ જવાબ આવ્યો નથી."

"ખરા છે ને!"

"કદાચ ટપાલ વહેલીમોડી થઈ હોય..."

"વેણુ, તું ગોદાવરીને કહેજે ને, પ્રેમજીનો છોકરોય હવે મોટો થયો હશે. એક વાર બતાવી જોઈએ. જોઈએ, શું કહે છે. બાકી દેખરેખની ચિંતા તું ના કરતી. હું બધું પહોંચી વળીશ."

"વારુ." કહી વેણુ ચાનાસ્તાનાં વાસણ લઈને અંદર ગઈ.

એને નિરાશ થવાનું જરાયે ફાવતું જ નહોતું. ભાઈઓ નહીં આવે કે સમારકામનું ગોઠવવામાં મદદ નહીં કરે એવો વિચાર પણ એ મનમાં આવવા દેતી નહોતી, પણ આ ટપાલ... ટપાલ વેળાસર આવી જાય તો બધું ગોઠવવાની મઝા આવે. વિપુલને ઘઉંનો ખીચડો બહુ ભાવે છે. એને માટે થોડા ઘઉં પલાળીને છડાવી લેવાના. કાકા છો ને નરભેશંકરના જાપ જપતા, એમ તો ગોદાવરીની રસોઈ પણ સરસ થતી હતી. જરા બતાવવું પડે એટલું જ. અને કાકા કોઈ વાર મસાલાની એકાદબે ચીજ બતાવવાની ભૂલી પણ જાય... એય ઘરડાં તો થયાં જ છે ને!

મયંક અને શીલાભાભી પણ આવશે. એમને પેલો આથમણી બાજુનો ઓરડો આપવાનો. સવારના ભલે મોડાં ઊઠતાં. એમ તો બધા રૂમમાં પડદા હતા જ. સહેજસાજ ફાટેલા કે ઘસાયેલા હોય તેથી શું થઈ ગયું? પણ તોયે જાણીજોઈને સવારનો તડકો આવે એવા ઓરડામાં શા માટે સુવાડવાં?

વીજળીનું બિલ વહેલું ભરી દેવાનું. એ લોકોનો કંઈ ભરોસો નહીં, કંઈ કાપીબાપી નાખે તો...

ઓચિંતો એના મનમાં ઝગમગાટ થઈ ગયો. નવરાત્રિમાં આખા ઘરમાં કેવો સરસ મજાનો શણગાર થતો! રોશનીનો કંઈ પાર નહીં અને દર વખતે નવાં ચોળીચણિયા - ગરબા ગાતાં આવડે કે નહીં, ઠઠારો કરવો ખૂબ ગમતો. કેટલા બધા લોકો આવતા અને બધા એનાં વખાણ

કરતા. વેણુને એ બધું ગમતું. શરૂઆતની પાંચ લહાણી એને હાથે જ અપાતી અને એ ખૂબ ઠાવકી થઈને અંદર ભરેલો પ્રસાદ જરાયે ઢોળાય નહીં એવી સાવચેતી રાખીને સામે ઊભેલી જાજરમાન સ્ત્રીઓના હાથમાં વાસણ મૂકતી. એને તો મન થતું કે બધી લહાણી એ પોતે જ વહેંચે પણ કોઈ ને કોઈ એને ઉઠાડી મૂકતું...

ભલે ને હમણાંની નથી ઊજવાઈ, મકાન સરખું થઈ જાય પછી તો પહેલાંના જેવી જ નવરાત્રિ કરવી છે... ઠાઠમાઠથી!

“વેણુ!” શૌનકે આસ્તેથી એને બોલાવી. એના અવાજમાં એવું ખાસ કંઈ હતું નહીં તોયે દર વખતે એ આમ ધીમેથી ‘વેણુ’ કહે ત્યારે વેણુને થતું કે આખી દુનિયામાં એના જેવું સરસ નામ બીજા કોઈનું નથી.

એણે એને ફરી વાર બોલાવી, “વેણુ!”

ખૂબ ખુશ થઈને વેણુએ પૂછ્યું : “શું છે?”

“કંઈ નહીં. આ બાજુ નીકળ્યો હતો એટલે એમ થયું કે કાકીની ખબર જોતો જાઉં.”

“જા, કાકી ચોકમાં બેઠાં છે.”

“જાઉં છું. એક વાર તને તો મળી લઉં!”

“શા વાસ્તે? જેને મળવા આવ્યો હોય તેને જ મળવું જોઈએ ને!” વેણુએ તોફાનમાં કહ્યું.

“હા, એ તો છે!” શૌનકને કદી ટીખળમાં સામેલ થતાં આવડતું નહીં. બિચારો મૂંઝાઈ જતો. વેણુને એવે વખતે એનું મોં જોવાની બહુ મજા પડતી.

“તો જા ને!”

“જાઉં છું. કાકા ક્યાં છે?”

“કાકા પણ ત્યાં જ છે.”

હવે ઊભા રહેવાનું કંઈ બહાનું રહ્યું નહીં. તોયે શૌનક ઝટ ખસ્યો નહીં. વેણુએ એની સામે હસીને પૂછ્યું : “મમરા ખાઈશ?”

“મમરા? ના, ના!”

“તો પછી? એમ કર, જમીને જ જજે. થેપલાં ને શાક કરાવવાની છું. સરગવાની શીંગ બહુ ઊતરી છે.”

“મસ્તી નહીં કર. જાણે તો છે, સરગવાની શીંગ મને ભાવતી નથી.”

“પણ એ તો બહુ સારી, હૃદયને માટે!”

શૌનક અકળાઈ ગયો. વેણુની સામે ઠપકાભરી નજરે જોવા લાગ્યો.

વેણુએ ખોટેખોટી ગંભીરતાથી પૂછ્યું : “અરે, પણ તારે હૃદય છે તો ખરું ને?”

શૌનક એની સામે જોઈ રહ્યો અને બોલ્યો: “તને ખબર નથી?”